સંદેશ, સીટી અમદાવાદ, પાના નંબર :- ૦૨

તારીખ :- ૦૮/૦૨/૨૦૨૬

### ૧૪ સ્ટેશનો પરથી સ્પેશિયલ પેપર ટિકિટ મળશે

# ICC મેન્સ T-20 ક્રિકેટ મેચ દરમિયાન મધરાત સુધી મેટ્રો સેવા કાર્યરત રહેશે

। અમદાવાદ ।

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાનારી ICC મેન્સ T-૨૦ વર્લ્ડ કપની ડે-નાઈટ મેચોને ધ્યાનમાં લઈને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો ટ્રેન સેવાના સમયમાં વધારો કરાયો છે. અમદાવાદમાં યોજાનારી સાત મેચો દરમિયાન અમદાવાદ-ગાંધીનગરમાં મેટ્રો સેવાઓ મધ્યરાત્રિના ૧૨:૩૦ કલાક સુધી લંબાવવામાં આવી છે.

**મોટેરાથી મહાત્મા મંદિર સુધી રાત્રે ૧૧:૪૦, ૧૨:૧૦ કલાકે મેટ્રો દોડશે**

અમદાવાદમાં તા.૯, ૧૧, ૧૪, ૧૮, ૨૨, ૨૬ ફેબ્રુઆરી તેમજ તા.૮ માર્ચે ફાઈનલ મેચ યોજાવાની છે. મેચના દિવસોમાં રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી સ્પેશિયલ નાઈટ મેટ્રો સેવા કાર્યરત રહેશે. જેમાં મોટેરા સ્ટેડિયમથી એપીએમસી વાસણા વચ્ચે રાત્રે ૧૨:૩૦ સુધી, જુની હાઈકોર્ટથી વસ્ત્રાલ ગામ વચ્ચે રાતના ૧૦:૦૦ થી ૧૨:૫૦ સુધી, જુની હાઈ કોર્ટથી થલતેજ ગામ સુધી રાત્રે ૧૦:૦૦ થી ૧૨:૫૦ સુધી, મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધી રાત્રે ૧૧:૪૦ અને ૧૨:૧૦ વાગ્યે બે ખાસ ટ્રેનો દોડાવાશે. લંબાવેલા સમય દરમિયાન મુસાફરો માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી જ પ્રવેશ મેળવી શકશે. અહીંથી મુસાફરો અમદાવાદ મેટ્રોના બંને કોરિડોર પરના કોઈપણ કાર્યરત સ્ટેશન સુધી મુસાફરી કરી શકશે. રાત્રે ૧૦:૦૦ વાગ્યા બાદ મેટ્રોમાં પ્રવેશ માટે માત્ર સ્પેશિયલ ૫૦ રૂપિયાની પેપર ટિકિટ જ માન્ય રહેશે. સામાન્ય ટોકન, સ્માર્ટ કાર્ડ, QR વગેરે રાત્રે ૧૦:૦૦ વાગ્યા પછી માન્ય રહેશે નહીં. મુસાફરો અગાઉથી નિરાંત ક્રોસ રોડ, એપરલ પાર્ક, કાલુપુર, જુની હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ, જીવરાજપાર્ક, GNLU, ઈન્ફોસિટી, સેક્ટર-૧ અને મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન પરથી પેપર ટિકિટ મેળવી શકશે.